# આકાશવાણી ભુજ

**સમાચારવાચક: નેહલ ઠક્કર**

**કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ**

તારીખ :૩૦-૦૭-૨૦૨૪ સમય: સાંજે :૦6.25

---

## રાજ્યપાલ શપથ

રાજભવનમાં આજે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર અને ત્રણમાહિતી કમિશનર્સનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્ય માહિતી આયોગના નવનિયુક્ત માહિતીકમિશનર્સને પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા. રાજ્યપાલે સૌપ્રથમ મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષચંદ્ર આર. સોનીને શપથ લેવડાવ્યા હતા અને તેમને શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ માહિતી આયોગના માહિતી કમિશનર પદ માટે સુબ્રહ્મણ્યમઐયર, મનોજ પટેલ અને નિખિલ ભટ્ટને શપથ લેવડાવ્યા હતા.

REGIONAL NEWS

---------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી સખી સંવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આવતીકાલે "સખી સંવાદ" કરશે.. ગાંધીનગરના મહાત્મા મંદિર માં આયોજિત આ કાર્યક્રમમાં ગ્રામીણ બહેનોના સામાજિક ઉત્થાનથી તેમનું જીવન ધોરણ ઊંચું લાવવાના

પ્રયાસના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. રાજ્યભરના ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે પ્રત્યક્ષ વાતચીત પણ કરશે.. સખી સંવાદમાં સહભાગી થનારી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના સ્ટોલ્સ પણ આ "સખી સંવાદ" કાર્યક્રમ સ્થળે ઉભા કરાશે.

REGIONAL NEWS

---------------------------------------------------------------------------------------------

# રાજ્ય સરકાર બાળ મેળો

રાજ્ય સરકાર સંચાલિત 30 હજારથી વધુ શાળામાં ત્રીજી ઑગસ્ટે કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરાશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને અનુલક્ષી G.C.E.R.T. દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યનો વિકાસ થાય તે માટે દર વર્ષે ધોરણ 1થી 5ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા, જ્યારે ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

બાળમેળા અને જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારાવિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ,કાગળકામ, ગળીકામ, બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્યવિકાસની વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

REGIONAL NEWS

---

# ભચાઉ ચાંદીપુરા વાયરસ સામે સ્વજાગૃતિ

ચેમાસાની ઋતુમાં વ્યાપકપણે ફેલાયેલા ચાંદીપુરા વાયરસના કારણે વાલીઓમાં ચિંતાનો માહોલ છવાયો છે. બાળકો સાથે રાજકોટના એક યુવકમાં પણ ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળતા તંત્રમાં ચિંતાનો વધારો થયો છે. ચાંદીપુરા વાયરસ નો કચ્છમાં પણ પગપેસારો થઇ ગયો છે અને અત્યાર સુધી ત્રણ બાળકોના શંકાસ્પદ મૃત્યુ પણ થયા છે ગંભીર બીમારીના અટકાવ અને તેનાથી બચાવ માટે આરોગ્ય વિભાગ વિવિધ રીતે પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે ભચાઉના ગુણાતીતપુર ગામે આ બાબતે સ્વજાગૃતિ દર્શાવી અન્યોને નવી રાહ ચીંધી છે.

તાલુકા મથક ભચાઉથી 7 કિલોમીટર દૂર આવેલા પ્રમુખસ્વામી સંસ્થા ના સહયોગથી નિર્માણ પામેલા ખેતીપ્રધાન ગુણાતીતપુરમાં ગામના વડીલોએ ચાંદીપુરા વાયરસના અટકાવ માટે દરેક શેરી, ગૌશાળા, ઘાસના મેદાનો, શાળા, આંગણવાડી કેન્દ્ર સહિતના સ્થળે દિવસ દરમિયાન 4 હજાર લીટર દવાનો છંટકાવ કર્યો હતો.

નેહલ ઠક્કર

---

# રોગચાળો માર્ગદર્શિકા

રાજ્યમાં ફેલાઇ રહેલા મચ્છરજન્ય રોગોથી બચવા આરોગ્ય વિભાગે નાગરિકો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે .જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છરો ઘરમાં ન ફેલાય તે માટે ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા ના રાખવા, ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી નાગરિકોને જણાવવામાં આવ્યું છે . મેલેરિયા થયો હોય તેવા વ્યક્તિઓને પૂરેપૂરી સારવાર લેવી જરૂરી છે .તેમને વરસાદી ઋતુ દરમિયાન બોટલ, ટીન, ટાયર, અને નાળીયેરની કાછલી, ભંગારનો નાશ કરવા સૂચન કરાયું છે તેમજ .નાગરિકોને ડોકટરની સલાહ વિના દવા લેવાઅને એસ્પીરીન જેવી દવાઓનો ઉપયોગ ટાળવાની સૂચના આપવામાં આવી છે.

નેહલ ઠક્કર

---

# કચ્છ વરસાદી ઝાપટા

રાજ્ય ભરમાં સર્જાયેલી બે વરસાદ સિસ્ટમની અસર તળે છેલ્લા બે દિવસથી કચ્છમાં વરસાદી માહોલ છવાયો છે. ગઈકાલે બપોરે વાગડના રાપર અને ભચાઉ પંથકમાં અડધો ઇંચ જેટલો વરસાદ થયા બાદ આજે સવારે કાંઠાળ કચ્છ પર મેઘરાજાએ પોતાનું હેત વરસાવ્યું હતું. નલિયા, માંડવી, મુન્દ્રા અને ભચાઉ પંથકમાં દોઢથી ચાર ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે . જિલ્લા મથક ભુજ ઉપરાંત અંજાર, નખત્રાણા સહિતના વિસ્તારોમાં પણ ઝરમરથી ઝાપટાં સ્વરૂપે મેઘરાજાએ હાજરી પુરાવી હતી. તો કચ્છભરમાં છવાયેલા વાદળછાયા વાતાવરણ વચ્ચે ગઈકાલથી જિલ્લામથક ભુજ અને આસપાસના વિસ્તારોમાં અષાઢી માહોલ છવાયો છે. આ ઉપરાંત. બન્ની પચ્છમના ગોરેવાલી, ભીરંડિયારી વગેરે વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા વરસ્યા હતા. હાજીપીર પંથકમાં પણ વહેલી સવારથી મેઘરાજાની પધરામણી થતા માલધારી સમુદાયમાં આનંદ છવાયો હતો. આજે સવારે વાગડમાં દોઢથી બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. લાંબા સમયથી મેઘમહેરની રાહ જોઈ રહેલા ભચાઉ પંથકવાસીઓમાં આનંદની લાગણી છવાઈ હતી.

નેહલ ઠક્કર

--------------------------------------------------------------------